## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

'જૂન ૨૦૦૪'

## પ્રત્યક્ષ નહીં – પરોક્ષ પ્રધાન

સમુદ્રના પાણી ઉપર તેલ ફેલાઈ જવાથી તે ક્ષેત્રમાં પ્રાણી ત્રસ્ત બનીને મરતાં જોઈ શકાય છે. વરસાદી પાણી ઉપર મોબીલ ઓઈલનું એક ઝીણું બુંદ પણ જો નાખવામાં આવે તો મચ્છરનાં બચ્ચાં ત્યાંજ મરી જાય છે અને મેલેરિયા થવાની સંભાવના સમાપ્ત થઈ જાય છે. સૂક્ષ્મ જગતાં ભરેલી વિષમતાનો કાંઈક સંયોગ એજ પ્રકારને પ્રત્યક્ષ જગત રૂપી સમુદ્ર પર ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ ચરિત્ર રૂપી પ્રસરણના રૂપમાં જોઈ શકાય છે. આ દિવસોમાં સામૂહિક બળાત્કાર, સ્ત્રી દાહ, બાળ હત્યા, મિત્રદ્રોહ, વિશ્વાસઘાતથી લઈને અસંયમ વિલાસભર્યા અવ્યયનો દેખાવ વગેરે માનવ લોકમાં પ્રચલન જેવાં બનતાં રહ્યાં છે. આ બધું સુક્ષ્મ જગતને પ્રદૂષિત કરે છે તથા એના પરિણામે સમુદાય, સમાજને મારી–મચડીને બેતરહ –ભ્રષ્ટ કરીને રહી છે. સરકારી તેમજ ગેરસરકારી રૂકાવટનો પ્રયાસ ગરમ તવા ઉપર છાંટા પડે તેમ નિરર્થક સિદ્ધ થાય છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસની જગ્યા અંગે જાહેર અપીલ

સૌ બાલાસિનોરવાસીઓને આ અગાઉ પણ અમે આ અપીલ કરી ચુક્યા છીએ. હવે આ નવી ઓફિસ લેવા અંગેની યોજના નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ચુકી છે. હાલમાં મળેલી વન ડે મીટીંગમાં વડીલોની હાજરીમાં નક્કી કરવામાં આવ્યું છે કે બને તો પાઘડીની અને નહી તો ઓનરશીપની જુની જગ્યા લેવી (ઓનરશીપમાં માસિક ખર્ચ ખુબ જ આવે છે માટે) આ માટે લગભગ ૩૦ લાખ રૂપિયાનું ભંડોળ ખુટે છે. તો એ માટે રૂા. ૧૦,૦૦૦ થી ૨૦,૦૦૦ના યુનીટો લેવાનું નક્કી થયું છે અને લોકોના સંપર્ક માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી છે. તો સૌ દાતાઓને વિનંતી કે તેઓ આપને સંપર્ક સાધે તો હકારાત્મક પ્રતિસાદ આપશો. આપ તેઓનો સામેથી પણ સંપર્ક કરી શકો છો. ઉપરના યુનીટ એક અથવા વધુ સંખ્યામાં પણ આપી શકાશે. દાતાઓ ઉદાર હાથે ફાળો નોંધાવશે એવી આશા છે.

**<u>કમીટીની નામાવલી</u>**

૧) શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ (કન્વીનર)
૨) શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
૩) શ્રી નવનીતલાલ સાંકરલાલ ધારીઆ (માટલી)
૪) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા)
૫) શ્રી શૈલેશભાઈ નટવરલાલ કડકીઆ (ધંગેલા)
૬) શ્રી રજનીભાઈ કાંતિલાલ કડકીઆ (ધરીવાળા)
૭) શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા)
૮) શ્રી રજનીભાઈ કાંતિલાલ કડકીઆ (લટકારી)
૯) શ્રી મનહરભાઈ ચુનીલાલ કડકીઆ (મલમ)
૧૦) શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)
૧૧) શ્રી સુરેન્દ્રભાઈ રમણલાલ મોદી (ચૌધરી)

| | |
|---|---|
| **પ્રમુખ** | **મંત્રી** |
| **અસીત દેસાઈ** | **પ્રદીપ કડકીઆ** |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૩ | ૧૪-૬-૨૦૦૪ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# ડીક્ટેટર

***તંત્રીસ્થાનેથી***

*ગયા મહિનાના ઈલેકશનમાં આપણા વીરૂપાજી યાને ધર્મેન્દ્રએ કહ્યું હતું, કે મને થોડા દિવસ માટે સરમુખત્યાર (ડીક્ટેટર) બનાવી દો તો બધાને સીધા કરી દઉં. આ બધું એણે પત્નીના નામ અંગેના વિવાદથી ગુસ્સે થઈને કહ્યુ હતું પરંતુ મને લાગે છે આપણા દેશને ખરેખર થોડા વર્ષો માટે એક સારા ડીક્ટેટરની જરૂર છે. આજે પોલીટીશીયનો, પોલીસો અને વકીલોએ મળીને કાયદાને એક મજાકનો વિષય બનાવી દીધો છે. કેટલાંયે કૌભાંડો, કાંડો, ખુન, બળાત્કાર થતાં જ રહે છે પણ સજાને નામે મીંડું. દેશનો વિકાસ થાય છે પણ ખુબ જ ધીરી ગતીએ. દેશના લોકો માટે કે વિકાસ માટે ખર્ચાય છે એનાથી અનેક ઘણા પૈસા પોલીટીશયનો અને અમલદારો ખાઈ જાય છે. વાચકોને થશે આજે અચાનક મને આવી વાતો ક્યાંથી સુઝી? આતો બધું સામાન્ય છે. હું પણ અત્યાર સુધી માનતો હતો કે વિકાસ ધીરો છે એનું કારણ આપણી વસ્તી છે પરંતુ હમણાં ચીનની રાજધાની બીજીંગ જવાનું થયું ત્યાંની પરિસ્થિતી જોઈને થયું, ના જરૂર આપણાંમાં કંઈક ખુટે છે. ચીનની વસ્તી આપણા કરતાં લગભગ દોઢી હતી. એને વધતી અટકાવવા ૧૯૭૮માં કાયદો આવ્યો એક બાળકથી વધુ થાય તો સજા. પછી એ છોકરી હોય કે છોકરો, બાકી ત્યાં પણ ગમે એટલી છોકરીઓ થાય છોકરા માટે રાહ જોવામાં બાળકોની*

લાઈન લાગી જતી. વસ્તી વધારો થોડો કાબુમાં આવ્યો એટલે હમણાં ૨૦૦૨માં કાયદામાં સુધારો થયો પતિ પત્નિ બંન્નેને જો ભાઈ બહેન ન હોય તો બે બાળકની છુટ બાકી બે માંથી એકને પણ જો ભાઈ કે બહેન હોય તો એક જ બાળક કરી શકાય.

લગભગ ૨૫ વર્ષ પહેલાં ચીન એટલે કોઈ જઈ ન શકે એવી લોખંડી દિવાલવાળો દેશ ગણાતો. ત્યાં ટુરીઝમ માટે જવાનો વિચાર પણ કરી ના શકાય, એવા આ દેશે જ્યારે દુનિયાના લોકો માટે દ્વારા ખોલી નાખ્યાં ત્યારે તેઓને ટુરીઝમનું મહત્વ સમજાઈ ગયું. શાંઘઈનો વિકાસ હોંગકોંગ નજીક હોવાથી ઝડપી થયો, પણ રાજધાની બીજીંગનું શું? આપણી જેમ જ ત્યાં પણ ઝુંપડા જેવા ઘરો અને નાની નાની ગલીઓ હતી. જુની યાદોને સાચવવા માટે થોડો ભાગ એમને એમ રહેવા દઈને આખા શહેરને નવું બનાવવાની શરૂઆત થઈ. લોકોને ધીરે ધીરે ખસેડીને બીજે વસાવવા માંડયા પણ કોઈ ધરણાં નહી, કોઈ મોરચા નહી, કોઈ આંદોલન નહી વિકાસની આડે કંઈ  ના ચાલે. સેન્ટ્રલ ટીઆમેન સ્વેરની આજુબાજુ છ રીંગરોડ બનાવીને શહેરને છ વિભાગોમાં વહેંચી દીધું. દરેક રોડ ઉપર વચ્ચેની આઠ લાઈનો કાર માટે આજુબાજુ સાઈકલો માટે અને ચાલવા માટેની બીજી ચાર લાઈનો અલગ. રસ્તાની બંન્ને બાજુ ઝાડો, ગાર્ડનો અને મોટી ફુટપાથો અલગ. આપણા મુંબઈ પુના એક્સપ્રેસ જેવા ચાર એક્સપ્રેસએ છ રીંગરોડને જોડે અને એરપોર્ટ છઠ્ઠા રીંગરોડની પણ બહાર હોવા છતાં ક્યાંથી પણ અડધો પોણો કલાકમાં પહોંચી જવાય. ઉંચા ઉંચા ૧૮ થી ૨૬ માળના બીલ્ડીંગો. સુંદર સ્થાપત્યો પણ ક્યાંય કોંક્રીટ જંગલ જેવું ન લાગે. શહેરની વચ્ચોવચ કેટલાંયે મોટા મોટા ગાર્ડનો, મહેલો, માનવસર્જીત તળાવો. પોલ્યુશનનું નામોનિશાન નહી. ઓલ્મપીકની પહેલાં આ શહેર દુનિયાના કોઈપણ સુંદર શહેર જેવું કે એનાથી પણ વધુ સુંદર બની જશે. રસ્તા ઉપર ગંદકી નહી કે કચરો નહી. લાખો મોટરકાર અને સાયકલો પણ ક્યાંય ટ્રાફિક જામ નહી. સિગ્નલો ઉપર ખુણામાં ઉભા રહીને પકડતાં ને લાંચ ખાતા ટ્રાફિક હવાલદારો નહી. સેલ્ફ ડીસીપ્લીન કે કાયદાનો ડર, જે હોય તે એક જ ધ્યેય દુનિયાથી પાછળ નથી રહેવું. બિજીંગમાં પાણીની મોટી સમસ્યા હતી તો દક્ષિણમાંની નદીઓને બીજીંગ સુધી લાવીને પાણીથી છલકાવી દીધું. રસ્તાઓની વચ્ચે એરપોર્ટ થી શહેર સુધી બધે જ ગુલાબના છોડો અને એની ઉપર લાખો ગુલાબ. શહેર જોતાની સાથે જ ગમી જાય. ટુરીસ્ટ સ્થળોની પણ એટલી જ માવજત અને એને દુનિયા સામે સુંદર રીતે પ્રદર્શિત કરવાની નેમ. ઈંગ્લીશની સમસ્યા છે પણ નવી પેઢી ઈંગ્લીશ શીખવા માંડી છે. થોડા વર્ષોમાં એ પણ થઈ જશે. નવી યોજનામાં સબવે (લોકલ) ટ્રેનનું માળખું સુધારવાનું અને બહારગામને જોડતી ટ્રેનોને વધુ વિકસાવવાનું નક્કી થયું છે. રેલ્વે ટ્રેકની આજુબાજુ ત્રીસ મીટર જેટલી જગ્યામાં જે પણ હોય એને તોડીને ઝાડો વાવવામાં આવશે. આપણે ટ્રેકની લગોલગ આવેલી, એરપોર્ટની આજુબાજુની ઝુંપડપટ્ટી પણ નથી હટાવી શકતાં. આપણા જેવા

જ દેશના મુંબઈ કરતાં ચાર ઘણા મોટા શહેરનો આવો વિકાસ જોઈને થાય છે ખરેખર આપણને એક સારા ડીકટેટરની જરૂર છે. બાકી વાજપેયી કે સોનીયાજી ભલે ખાંડ ખાતા કે દેશને અમે ચલાવીએ છીએ. આ દેશ ગંદા રાજકારણીઓ, અમલદારો અને લાંચીયા પબ્લીક સર્વન્ટોના હાથમાં છે. આ બધાને સીધા કરવાવાળા ડીકટેટર રૂપે કૃષ્ણ જન્મ લેશે ખરાં ?

❑ નિખિલ પરીખ

## ચાયના વિશે થોડી વાતો

૧) ત્યાંની ૮૦ ટકા પ્રજા ડાવીઝમ (Dowisom) ધર્મ જે એક ફિલસુફની ફીલોસોફીના બેઝ ઉપર વિકસાવેલ છે તે પાળે છે. બાકીના લોકો બુદ્ધીઝમ અથવા તો ખ્રીસ્તી ધર્મ પાળે છે. કેટલાંક ભાગમાં મુસ્લીમ પ્રજા પણ છે.

૨) ચાયના વોલ (ગ્રેટ વોલ- દુનિયાની સાતમી અજાયબી) ૬૨૦૦ કી.મી. લાંબી બાંધવામાં આવી હતી. જે એક માત્ર માનવદ્વારા બાંધેલી ચીજ છે કે જેને ચંદ્ર ઉપરથી જોઈ શકાય છે. હવે માત્ર ૨૦૦૦ કી.મી. ની વોલ બચી છે.

૩) આ વર્ષની ઓલ્મપીક ગેમ બીજીંગમાં યોજવાની છે.

૪) ફરવા લાયક સ્થળો : બીજીંગમાં ગ્રેટ વોલ, સમર પેલેસ, ફોરબીડન સીટી, ટાયનામેન સ્કવેર, ટેમ્પલ ઓફ હેવન વગેરે. ઝીયાનમાં ટેરાકોટા વોરીયર તથા શાંઘાઈ દરીયા કીનારાનું મુંબઈ જેવું સુદંર સીટી.

૫) ત્યાંનું ચલણ યુઆન (લગભલ ૫.૬૦ રૂા.)

૬) ભાષા શીખવા પ્રયત્ન કરીએ તો પણ આપણી જેમ બાર ગાઉએ બોલી બદલાય એટલે ઉચ્ચારો અલગ અલગ હોય. ભાષા ચીત્રની છે એટલે ચિત્રો સમજીને અર્થ નીકળે.

૭) બીજીંગમાં જગ્યાના ભાવ લગભગ સાઉથ મુંબઈ જેટલાં. કોમ્યુનીઝમ હોવાથી મોટા ભાગની જગ્યાઓ સરકાર બાંધે અને મોટી મોટી કંપનીઓને એના માણસો માટે આપે.

૮) માંસાહારી માટે પુષ્કળ વેરાયટી મળે. શાકાહારી માટે થોડી તકલીફ, ત્યાંના લોકો સાપ ખાય ને ઉંદર ખાય એવી માન્યતા છે પરંતુ આ બહુજ સમિતિ એરીયામાં કેટલાંક લોકો જ ખાય છે એટલે ડરવા જેવું નથી.

૯) નવું જનરેશન આપણી જેમ જ ફેશનેબલ છે, પણ અંગપ્રદર્શન નથી.

૧૦) ચાયનાથી અહીં આવતી વસ્તુઓ સસ્તી છે પણ ત્યાં એ જ વસ્તુઓના ભાવ ખુબ વધુ છે કારણ સરકાર દ્વારા અપાતી સબસીડી અને Export Promotion. Import ઉપર Restriction ઘણા છે.

* * *

## સુવિચાર

આપણા કાનને થૂંકદાની ન બનાવીએ - જેમાં કોઈપણ નિંદારસ અથવા કૂથલીની પીચકારી નાંખી જાય. આપણા કાન ફૂલદાની અથવા અત્તરદાની બનવા જોઈએ - જેમાં સારી વાતોના ફૂલ ગોઠવીએ, સારા કાર્યોની પ્રસંશાના અત્તરની મહેક મૂકાવીએ.

# મોતનો મલાજો

નિયતીનો ક્રમ, જીવન તેનું મૃત્યુ નિશ્ચિત હોય જ છે પછી તે વનસ્પતિ હોય કે પશુ પંખી કે જીવજંતુ હોય. મૃત્યુ તો આવશે જ આવશે. જ્ઞાન, વિજ્ઞાન અને ધર્મની સમજણ પચાવ્યા પછી આપણને એટલી તો સમજ પડે છે કે ધબકતું હૃદય બંધ પડે એટલે મૃત્યુ આવ્યું, અને પછી ગમે તેટલું વ્હાલસોયું સ્વજન હોય, એકનું એક હોય, નાની ઉંમરનું હોય, પણ તેને તે ઘરમાંથી વિના વિલંબે લઈ જઈને બાળવાનું જ હોય, પરંતુ હૃદયને ધબકતું રાખવાનું અને વર્ષો વર્ષ તે સાજુ નરવુ પણ રહે છે જોકે અપવાદ રૂપ હોય છે, આજે કોઈ પણ મશીન હોય તો તે ૭૦ થી ૯૦ વર્ષ સુધી રાતને દિવસ ખોટકાયા વિના ચાલ્યા કરે એવું બની તો નથી શકતું પરંતુ આ હૃદયને ધબકતું રાખનાર શકિત એટલે જ આપણા પ્રભુજી, અને આ અચરજ પ્રભુજીનું જ!!

હવે ધાર્મિક રીતી એ જોઈએ તો જીવ પ્રભુમાંથી જ છૂટો પડેલો અંશ છે, અને તે મર્યા પછી પાછો પ્રભુજી પાસે ચાલ્યો જ જાય છે, અને આ ક્રિયા નરી આંખે આપણે જોઈ શકતા નથી, છતાં ધાર્મિક રીતીએ જાણીએ છીએ અને આપણે કોઈને પણ મોતના ખબર આપવા હોય તો એમ કહીશું કે ''શ્રીજી ચરણ પામ્યાં છે.'' એટલે જીવ એ પ્રભુજીનો સુક્ષ્મમાં સુક્ષ્મ અંશ છે, અને એ એટલું જ નર્યું સત્ય છે. આ સમજણને આપણે સમજી લીધી છે. મૃત્યુ પછી જીવ પાછો પ્રભુજી સાથે મળી જાય છે. અને એટલે જ મૃત્યુનો શોક પાળવો જ ન જોઈએ, આપણે જેમ જાત્રાએ જઈએ છીએ તેમ આ અનંતની યાત્રાએ આત્મા જઈને પરમાત્માને મળી જાય છે, હા આપણા બંધન છોડી આપણુ સ્વજન જાય કાયમને માટે એટલે આપણને રોવુ આવે છે. હવે હર ઘરમાંથી કોઈક ને કોઈકનું મરણ થયું જ હોય, સ્વજન જાય એટલે શોક ધીમે ધીમે વિસરતાં વિસરતાં ઓછો થતો જાય છે. બોલવું સહેલુ છે, સ્વજન જતાં માયાનું બંધન તોડવું ઘણું અઘરું છે જ, છતાં સમય ધીમે ધીમે વિસારે છે. આવા સમયે બે ચાર વાત એવી કે સમાજને અજુગતિ પણ લાગે છતાં હું અહીં જણાવીશ.

પહેલી વાત હજુ આપણા સ્નેહીજનની આંખોના દાન થતાં નથી, અને એ બહુ જ જરૂરી છે, નેત્ર દાન દરેક જણાએ કરવું જોઈને, મર્યા પછી માથા નીચેથી ઓશીકું કાઢી લઈ, આંખ ઉપર રૂ ના ભીના પોતાં મુકી તરત જ આઈ બેન્કમાં ફોન કરી ને ડૉકટરને બોલાવી લેવા. ૨ થી ૯૨ વર્ષ સુધીનાની આંખો કામ લાગે છે. મોતિયો હોય કે ઓપરેશન કરાવેલું હોય બધાની જ આંખો કામ લાગે છે: સિવાય કે કેન્સરવાળાની . આમાં બે વાત, બે જણને દૃષ્ટિ દાન મળશે તેમના જીવનમાં પ્રકાશ ફેલાશે અને મર્યા પછીનું આ દાન એટલે પુણ્યનું ભાથુ પણ બંધાશે. હવે બીજું વિચારીએ....

ઘરની જગા નાની નાની કરીને ઉઠમણા માટે હોલ રાખવામાં આવે છે, સ્વજનો એક બાજુ સામેની સાઈડે બેસે છે, જેથી આવનારી વ્યકિતઓને જોઈ શકાય. હવે આ એટલી ઓકવર્ડ રીત છે કે સાચે સાચ તો કોઈ દિલસોજી વ્યકત કરતાં હોય એવું દેખાતું નથી, ભજનો ગવાતાં હોય છે. વળી નાની ઉંમરની બેનો પંજાબી શુટમાં આવે, પુરૂષો ઓફિસેથી ડાયરેકટ આવે અને હાથ જોડે એટલે ધીમે રહીને ઉભા થઈને ચાલ્યા જાય, આ હોલનુ ભાડુ, ભજનો રજુ કરનારને રૂપિયા આપવાના અને વળી પાર્કિંગનો પ્રોબ્લેમ તો ખરો જ,

વળી મોટી ઉંમરનાને પગથીયાં ચડવાનો પણ પ્રોબ્લેમ હોય છે. વળી ઘણાંને તો હાથ પકડીને લાવે છે, તો ઘણાં લાકડીના ટેકે સાંજની ભીડ, ટ્રાફિક અને વળી રસ્તો ખાડા ટેકરાવાળો હોય, ઉઠમણાં અને બેસણાંમાં આવવા જવા માટે જો ગાડી હોય તો ઠીક છે અને નહી તો.... એ વિચારવા જેવી વાત છે.

શું મરેલી વ્યકિત પાછી આવે છે ? કે પછી શોકની પળોમાંય વ્યવહારે કોણ આવ્યું અને કોણ નથી આવ્યું ? એક બેનના પતિ ગુજરી ગયાં, રડતાં જાય અને એક આંખ કાણી (ઝીણી) કરી જોતાં જાય કોણ આવ્યું ? જે સમયે જે વ્યકિત મરી જાય એ નનામીને માન આપવા, મોતનો મલાજો જાળવવા, મરનાર વ્યકિતને છેલ્લી વાર નીહાળી લેવા અવશ્ય જવું જ જોઈએ.. અને આ પછી એકવાર શાંતિથી મળવા જવું, સુખદુખની પળો સાથે બેસી વાતો કરવી અને શરૂઆતમાં ન જવાય એમ હોય તો ફોનથી દિલસોજી વ્યકત કરવી. ઘણીવાર એવું હોય કે મરણ થાય એના ઘરમાં પરીક્ષાઓ ચાલતી હોય. જગાઓ સાંકડી હોય યા મોટી, સર્વેના પ્રોબ્લેમ પણ ઘણા જ હોય છે. આવી તો નાની મોટી અગવડો ઘણી જ આવે છે ? આજના આ કોમ્પ્યુટરના યુગમાં ફાસ્ટ લાઈફ છે. આજે લગ્નમાં તો કાલે મરણમાં તો વળી કોઈકને કોઈક હોસ્પીટલમાં હોય, આમ રોજીંદા જીવનમાં આ વિચારવા જેવી વાત છે.

હવે ઘણા લોકો બારમુ તેરમુ કરે તે, બીજા ધર્મમાં ચાર થી પાંચ દિવસે ઉઠમણું કરતાં હોય છે. એક બેનને કહેતા સાંભળ્યા કે તેર દિવસ જીવાત્મા આપણી વચ્ચે જ હોય છે અને તે બધુંજ જોવે છે. તેની પાછળ વિધી ન થાય તો અવગતે જાય. આ બધી માન્યતામાં આપણું અજ્ઞાન જ છતું થાય છે. વિધી કરવા પાછળનો આશય બ્રાહ્મણોને દાન દક્ષિણા મળે, સીધું મળે અને પ્રભુનું નામ લેવાય. બીજો વર્ગ પાંચ દિવસ જ રાખે છે. તેઓ આવી મરણોતર ક્રિયામાં નથી માનતા હોતા, શું તે બધાં અવગતે જાય છે ? આનો જવાબ છે તમારી પાસે ?

અંગત સગાંઓને જે દુ:ખ લાગે તે બીજા ફીલ કરે ? કે તેમને તો વ્યવહાર સાચવવા આવવું પડે એટલે જ આવે, બાકી તો ઉઠમણાંથી નાટકમાં જાય, અને કોઈના પ્રસંગમાંય જાય ?

વળી એક વાત કે સુતક એટલે શું ? આજની પ્રજા, આજના બાળકો ફર્સ્ટ ડીગ્રીના સગાંઓને જ માંડ ઓળખતા હોય છે. વળી આગળ તો ઘરો પાસે પાસે, રોગ પણ એવા જ, જેમકે ટી.બી, કોલેરા, પ્લેગ, શીતળા વગેરે વગેરે અને એના જર્મ્સનો ફેલાવે ન થાય એટલે સાયન્સ અને ધર્મનું ફૂટ સ્ટેપ એક જ છે.

વળી જોઈન્ટ ફેમીલી પણ હતાં તેથી જર્મ્સ ન લાગે એની પ્રીકોશનમાં દાઢી ન કરતાં, તેલ ન નાખે, વાળ સોળ દિવસે ઉતરાવે, હજામત ન કરે, માટલું પણ કાઢી નાખે અને એને ધાર્મિકતાની સાથે સાંકળી દીધું છે. તેથી તો આજના બાળકો આજની પ્રજા આ સૂતકને માનવા જ તૈયાર નથી હોતા. દેશમાં મરે અને અહીંયાં કુટુંબીજનોને સૂતક આવે ? આ અજ્ઞાનમાંથી તેઓ તમને બહાર આવવા સમજાવે છે. હા ધાર્મિક વિધી એટલે કે સેવાની રીતીએ જોઈએ તો અંગત સ્વજનના મરણના દુ:ખમાં ઠાકોરજીની સેવામાં વિક્ષેપ પડે જ પડે. એટલે રડવા રોવા અગાડી ઠાકોરજીની સેવા આ સૂતકના ૧૬ દિવસ નથી કરતાં. બાકી મુખેથી પ્રભુનું નામ દઈએ તો સૂતકનો ભાર લાગે ખરો ? આગળના ટોઈલેટો વાળવાના હતા, દાઢી કરતાં અસ્ત્રો વાગે તો જર્મ્સ શરીરમાં લાગી જાય. પહેલાંના ઓજારો, હજામો અને અસ્વચ્છતા આ બધાંથી જર્મ્સનો ફેલાવો ન થાય

એટલે સૂતક પાળવામાં આવતું હતું, અત્યારે તો બધાં જુદા અને દુર દુર રહી, બ્લોક સીસ્ટમ, ઈંગ્લીશ ફલશવાળા ટોઈલેટો વળી બિમારીમાં વપરાતા સાધનો ડીસ્પોઝેબલ હોય એટલે જર્મ્સનો ફેલાવો થવાનો સંભવ ઓછો થઈ જાય છે.

ઈલેકટ્રીક ફર્નેસમાં જ બોડીને બાળવાનો આગ્રહ રાખવો. જેથી લાકડાંનો ધુમાડો, જંગલો કપાતાં બચે તથા બોડી બળે એની પોલ્યુશન ભરી હવાથી બચી શકાય, સમયની બચત થાય એ ફાયદામાં......

આ બધી વાત તો ઠીક પણ જ્યારે વ્યક્તિ જીવતી હોય ત્યારે તેને જૂના ફર્નીચરની જેમ એક બાજુએ મૂકી રખાય છે. ત્યારે કોઈને જ સમય નથી હોતો, ઉઠમણાં બેસણાંમાં બધાં જ દોડતા આવે અને હાજરી પૂરાવે, ત્યારે વ્યક્તિ જીવતી હોય ત્યારે જ તેની પાસે જાવ તો? આ બહુ જ મોટી વાત અને વિચારવા જેવી વાત છે? આનો જવાબ તમે જીવતાં જ વ્યક્તિનું માન કરતાં શીખો. હોલ અને ભજનના રૂપિયા દાનમાં આપો અને ગાયોને ઘાસ, પંખીઓ છોડાવો, ગાયોને કતલખાનેથી છોડાવો, કોઈના ખેતરમાં કૂવો ખોદાવી આપો, વૃક્ષ રોપણનો પ્રોગ્રામ સગાંવહાલાં સાથે મળીને કરો. હોસ્પીટલોમાં યા ઓરફનેજમાં કૈલીપર વોકર, કાનના મશીન, ચશ્મા યા તો સીલાઈ મશીનો આપો. લાચાર બેનોને બાર મહીના ચાલે એટલું સીધું ભરી આપો. ઉઠમણાં બેસણાં કરતાં આનો ભાર પુણ્યના પોટલામાં જમા થશે જ થશે? વિચાર કરજોને અમલમાં મૂકજો. આ વિચારો સાથે સહમત બેનો ભાઈઓ જરૂરથી મને ફોન કરે.

પ્રભુની સદ્ભાવના સર્વેની સંગે રહે એજ અભ્યર્થના.

❒ *ઊષા એસ. ધારીયા*

❖ ❖ ❖

## શીદને કનડે મુને

શ્યામ તારા વિના મુજને એકલડું લાગે
શ્યામ તારા વિના મુજને એકલડું લાગે.....
ઘડી એક પલ મુને નાહી સોરવે
નાહી નિંદરુ આવે, નાહી પલક લાગે ... શ્યામ
જુગ બીતે પલ એક ભાસે રે
તારા વિયોગે મન મારું મુરઝાય રે ... શ્યામ
શીદને કનડે મુને મારા હો શ્યામ રે
બિનતી સુણી એક ઝલક દર્શનની બલીહારી રે... શ્યામ
માંગુ એટલું સુરખી તવ દર્શનની આપજે
કાપજે મારા અંતરનો એકલ વાસ રે ... શ્યામ
તારા વિના મુજને એકલડું લાગ
એકલડું લાગે......એકલડું લાગે.......

❒ *ઊષા એસ. ધારીયા.*

**શ્રી ગોવિંદ જયોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત, પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**ઓફિસ :** W/૭, ગણેશકૃપા બિલ્ડીંગ, સિક્કાનગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪
(૧) C/o ટે. નં. : ૨૩૮૮ ૦૩ ૩૪
(૨) C/o ટે. નં. : ૨૩૮૭ ૮૫ ૯૬

**ઘર :** ૩/૭૦, કૈલાસ કો.ઓ.હા. સોસાયટી, રામબાગલેન, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨

**ઘરનો ટે.નં. : ૨૮૯૨ ૩૫ ૧૭**
**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**
**ઓફિસે મળવાનો સમય : સવારે ૧૨-૦૦ થી ૬.૦૦**
**ઘરે મળવાનો સમય સવારે ૧૦ સુધી, રાત્રે ૧૦ પછી**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

**તારીખ : ૨૮ જુન, સોમવાર,**

**સમય : ૭.૩૦ સાંજના**

**સ્થળ : નહેરુ ઓડીટોરીયમ, વરલી**

રાજેન્દ્ર બુટાલાનું નવું જ સામાજીક તેમજ કોમેડી ઉછળકુદ કરતું અને હાસ્યના ફુવારા ઉડાવતુ નાટક જેનો પહેલો જ શો આપણા બાલાસિનોરવાસીઓ માટે રાખવામાં આવ્યો છે. આપણે પહેલા પણ રાજેન્દ્રભાઈ પ્રસ્તુત નાટકના શોની મજા માણી ચૂક્યા છીએ. તો આવો આજે પણ તેમનું જ નવુ નાટક જેમાં કલાકાર તરીકે ધર્મેશ વ્યાસ, અનુરાગ પ્રસન્ન, મહેશ બુચ, સચી જોશી, ક્રીમા શાહ તેમજ રાજેન્દ્રભાઈ પોતે જ કોમેડીના રોલમાં આપણી સમક્ષ રજૂ થશે.

દરેકની ફરમાઈશથી જ નાટક કપલ્સમાં રાખવામાં આવ્યું છે. જેની ટીકીટ રૂા. ૫૦/- એક જણના છે. બાળકો એલાઉડ નથી. ફકત કપલ્સ માટે જ છે. ટીકીટ લેવા દોડશો નહિ તો ચાલશે. કમીટીની બહેનોને ફોન નંબર ગયા અંકમાં આપ્યા હતા, જેથી તેઓની પાસે બુક કરાવી ૧૮મી જૂને મેળવી શકશો. તે જ દિવસે ૩ થી ૫ માં મંડળની ઓફિસમાં પણ ટીકીટ આપવામાં આવશે. જેઓને ત્યાંથી જોઈએ તો ત્યાંથી પણ લઈ શકે છે. દરેક માટે એક જ કાયદો છે. લકી ડ્રો સીસ્ટમથી જ મળશે. બે અને ચાર ............ના કવરમાં ટીકીટ રાખવામાં આવી છે. ઉપરાંત જેઓ વર્ષ ૭૦ ઉપરના હોય અને કોઈપણ તકલીફ હોય તેઓ માટે આગળ ટીકીટ મળી શકશે. પહેલેથી જ જણાવી નામ લખાવવા જરૂરી છે. ટાઈમસર આવવા વિનંતી છે.

બીજું જેમણે લવાજમ ના ભર્યા હોય તેઓ નીનાબેનને રૂા. ૭૦/- આપી તેમજ કાર્ડ આપી લવાજમ ભરી દેવા વિનંતી.

*લી.*

*સંયોજક - રત્ના કડકીયા.*

## નાથદ્વારા જાવુ

મારે શ્યામ સંગે રમવું, મારે નાથદ્વારા જાવું,
એના રંગે રંગાયો, એના સંગે બંધાયો,
મારે શ્રીજીને મળવું, મારે નાથદ્વારા જાવું,
એની વાંસળીમાં જાદુ, એના સુરે સુરે નાચું,
મારૂં મન રહ્યું ના વસમાં, હું એના વસમાં,
એને મળવા જાવું, મારે નાથદ્વારા જાવું.
નયનોથી નજરો હટાવું, ચરણોમાં શીષ નમાવું,
ઔકાત મારી કયાંથી?. નજરોથી નજરો મેળાવું,
તુંને મળવા આવું, મારે નાથદ્વારા જાવું.
સંસારનું જીવડું હું, અહી તહી હું ભટકું,
કૃપા કરો ગીરધારી, બુદ્ધિ દો સુધારી,
એકજ તું સહારે, મારે નાથદ્વારા જાવું
બંધકરી મેં આંખો, તુજને અંતરમાં નિહાળું,
એટલી ધીરજ દેજો, સદા દાસ રહું તમારો,
મારે શ્રીજીને મળવા, હા! નાથદ્વારા જાવું

*'ચાંદશા', ચંદ્રાકાંત શાહ (ચટઈ)*

# ચલો ઘૂમવા જઈએ
## નિગ્રોના પ્રદેશમાં

✍ *ભગેશ ચં. કડકિયા*

***(શ્રી બા.સાંસ્કૃતિક મંડળના નેજા હેઠળ શ્રી કમ્ફર્ટ હૉલિડેની સહારે)***

**(હપ્તો - ૪)**

*પ્રિય વાચક,*

***શરતચુકથી આ લેખમાળાનો ૪ થો હપ્તો પહેલાં ૪મો હપ્તો છપાઈ ગયો હતો. તો આ સાથે ૪થો હપ્તો રજુ કરીએ છીએ. વાંચકોની રસક્ષતિ બદલ દીલગીર છીએ. - તંત્રી***

પૂર્વ આફ્રિકાની કેન્યા સફારી માણ્યા બાદ, વિમાન માર્ગે આપણે મહાત્મા ગાંધીએ જીવનમાં પ્રથમ સત્યાગ્રહ આદરેલો અને રંગભેદની નીતિના અન્યાય સામે ઝઝુમેલા તે હબસી પ્રજાની પવિત્ર ભૂમિ, દક્ષિણ આફ્રિકામાં પ્રવેશી રહ્યા છીએ. જહોનીસબર્ગ તેનું અગત્યનું શહેર. તેના એરપોર્ટ ઉપર ઉતરતા જ હજી સ્વરાજના આંદોલનના ભણકારા સંભળાઈ રહ્યા છે. રાષ્ટ્રિય શાયર મેઘાણીની સ્વાતંત્ર્ય દેવીને અર્ઘ્ય આપતી કાવ્ય પંકતિ કાનમાં સતત ગૂંજ્યા કરે છે ''તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલાભરી!''

મુરદાં મસાણથી જાગતાં એવી શબ્દમાં શી સુધાભરી! માતૃભૂમિને ઉજાગર કરતી ગોરા શાસન હેઠળની ગુલામીની શૃંખલાને તોડવા તથા અન્યાયી રંગભેદનિતિથી મુક્તિ પામવા, ત્યાંના દેશપ્રેમીઓએ આપેલી શહાદતનો ભવ્ય ઈતિહાસ, તેના નામ સાથે, આંખ સમક્ષ ખડો થઈ જાય છે. આથી આપણી પ્રવાસ ગાથાને આગળ વધારતા પૂર્વે અહીં ઘડીક વિસામો લઈએ અને ત્યાંના સત્યાગ્રહની ચળવળ પર અને તેના મુક્તિદાતા નેલ્સન મંડેલાના જીવન સંગ્રામ તરફ દ્દષ્ટિપાત કરી તેના સપૂતોએ આપેલી કુરબાનીને અંજલિ આપીએ. કવિ બાલમુકુંદ દવે અહીં યાદ આવે છે, માભોમને સ્વતંત્રતાનો પ્રકાશ સાંપડે એ માટેની તેમની આ પંક્તિઓ હોઠ પર આવીને વસી છે.

*''અમારા પ્રાણ પ્યારા દિલ સિતારા દેશને માટે*
*અને માથે કફન સાથે ઝઝુમ્યા યાદ આવે છે*
*કદમબોસી ગુલામોની ફગાવીને, શહીદોએ*
*સનમની જેમ ચૂમીતી શૂળી, એ યાદ આવે છે*
*હતી જંઝા તુફાની ને જુવાનીની તીખી ટક્કર,*
*અમે દરિયાનો દાળાવળ બન્યાતા, યાદ આવે છે''*

આ સ્વરાજની ચળવળના કર્ણધાર હતા. - નેલ્સન મંડેલા. તેમની રાહબરી હેછળ દ. આફ્રિકાની કાળી પ્રજાએ એકત્ર બની પ્રચંડ આંદોલન જગાવ્યું અને અંતે દેશને લોકશાહીની માર્ગે વાળ્યો. સુવર્ણ અક્ષરે લખાયેલ ઈતિહાસના આ અમર પાનાની ઝાંખી કરવા, 'આફ્રિકાના ગાંધી નામે ઓળખાતા મંડેલાના જીવન વૃત્તાંત સાથે સ્વતંત્રતાના સંગ્રામને સાંકળી લઈ, તેના [illegible] પ્રયાસ કરીએ.

નેલ્સન મંડેલાનું સમગ્ર જીવન એટલે દક્ષિણ આફ્રિકાની સ્વરાજની ચળવળનો જીવતો જાગતો ઈતિહાસ, તેમની આત્મકથા "Long Walk to Freedom" ના આધારે તેમનું જીવન અગિયાર વિભાગમાં આપણે વિભાજીત કરી શકીએ. તેનો ટૂંકમાં પરિચય કેળવશુ તો જ સંપૂર્ણ ચિત્ર આપણને સમજાશે.

પ્રથમ વિભાગ તેમના ગ્રામ્ય ભૂમિ પરના બાલ્યકાળનો છે. ટ્રાન્સકી જિલ્લાના, મબારો નદીના કિનારો આવેલ, મ્વેઝો ગામમાં સન ૧૯૧૮માં તેમનો જન્મ થયો. ગુલામી પ્રથાના કારણે બાપને પરગામમાં રહેવાનું થતાં, મા સાથે રહી તેના પ્રેમ અને શિક્ષણ વચ્ચેજ બાળપણ વિતાવ્યું. અભણ માબાપની એક માત્ર ઈચ્છા પુત્રને કેળવણી આપવાની.

આથી તેર ભાઈ-બહેનોમાં સૌથી નાના નેલ્સનને સાતમે વર્ષે શાળાએ મૂકયો. આ શિક્ષણે તેમના જીવનમાં પુસ્તક પ્રેમ અને જીવનભર દાખવેલી અભ્યાસની વૃત્તિ કેળવાયાં. નવમાં વર્ષે પિતાનું મૃત્યુ થતાં પાલક પિતા શ્રી રેજન્ટના હેઠળ જીવન નાવ આગળ ધપી. શાળા-મહાશાળા અને કોલેજનો અભ્યાસ પૈસા અને રહેઠાણની અગવડ વચ્ચે માત્ર અંદરની ધગશ અને નિષ્ઠાને કારણે પૂરો કર્યો અને કાયદાના સ્નાતક બન્યા. જીવનનો બીજો તબક્કો શહેરી જીવનથી શરૂ થાય છે. અહીં મિત્ર ગૌરના સહારે આફ્રિકન્સ નેશનલ ક્રોંગેસનો પરિચય થાય છે. સફળ બનેલી બસ હડતાલે સત્યાગ્રહની ચળવળના દર્શન કરાવ્યા અને તેમનામાં દેશપ્રેમના બીજી રોપયાં. સ્વરાજના એક અદના સિપાઈ તરીકેનો ત્રીજો તબક્કો ત્યાંથી શરૂ થાય છે. African National Congress (ANC) ની મવાલ પ્રવૃત્તિથી નારાજ બનેલ યુવકો પોતાના સ્વતંત્ર લીગ સ્થાપે છે અને ચળવળમાં જોમ આણે છે. આજ અરસામાં મિત્ર વોલ્ટરની ભત્રિજી એવેલીન મેસના પરિચયમાં આવે છે અને તેની સાથે લગ્નગ્રંથીથી જોડાય છે. પ્રથમ બાળકનો - થેમ્બીનો - જન્મ આ કૌટુમ્બિક જીવનની મુખ્ય ઘટના. રાજકીય ક્ષેત્રે કામદાર યુનિયનની વિશાલ પાયા પરની હડતાલને સરકારો નિર્દયપણે કચરી નાખી અને 'ગેટો એક્ટ' દ્વારા હિંદી વાસીઓના મૂળભૂત હક્કો પર તરાપ મારી. પરિણામે Positive Resistance Campaian શરૂ થયો. ચોથા તબક્કમાં 'સંગ્રામ એ જ જીવન'નું સુત્ર તેના જીવનમાં જોવા મળે છે. તેમા સ્વરાજનું કાર્ય અને વકીલાતની કારકિર્દી મુખ્યત્વે રહ્યાં. ઓલિવર ટામ્બોનો આ ગાળામાં પરચિય થાય છે અને તેની સાથે ભાગીદારી ફરી જીવનભર મૈત્રી જાળવી રાખે છે. ત્યાર બાદ **Freedom Chart** તૈયાર કરી સરકારને **ANC** સુપ્રત કરે છે. પણ સરકાર તેને ફગાવી દે છે. આ અન્યાયી વલણથી અને ગોરા શાસનની જોહુકમથી વાજ આવી માત્ર અહિંસક ચળવળથી હવે કાંઈ નહી વળે, એવી સમજ તેમનામાં પેદા થાય છે. પરિવારમાં નવા બાળકનું આગમન. ત્યારબાદ સ્વરાજ ચળવળમાં સતત ખૂંપેલા રહેતા કુટુંબની ઉપેક્ષા સહજ બને છે. જે લગ્નજીવનમાં તરાડ સર્જે છે અને છૂટાછેડાથી તેનો અંત આવે છે. કાર્યમાં આગલ વધતા વિનીનો સંપર્ક થાય છે અને પછી તેની સાથે લગ્નગ્રંથીથી જોડાય છે. ૧૯૫૯માં વની થકી 'ઝેનાની' નો જન્મ. આમ પરિવારને રાજકારણ નેલ્સનના જીવનમાં સાથોસાથ ચાલે છે અને બંન્ને એકબીજા સાથે સંકળાયેલા રહે છે. પાંચમાં તબક્કામાં નેલ્સન સામે કાવત્રાબાજીનો આક્ષેપ મૂકાય છે. સરકારે કાર્ડ પદ્ધતિ દાખલ કરી, તેના સામે **ANC** વિરોધ નોંધવાને છે. તોફાનો થાય છે ને ગોળીબારનો આશરો સરકાર પક્ષે લેવાય છે. આ પરિસ્થિતમાં કટોકટી જાહેર કરી નેતાઓને જેલભેગા કરે છે. કોર્ટમાં તેમની સામે કાવત્રાબાજીનો કેસ ચાલે છે, પણ તેમાં સરકારની હાર થતા તેઓ છૂટે છે. ફ્રેન્ચ ક્રાંતિનો હિરો પિમ્પરનેલ- તેના પરથી નેલ્સનને 'કાળો પિમ્પરનેલ'થી પ્રજા નવાજે છે, અને છઠ્ઠો તબકકો શરૂ થાય છે. હવે સીધી લડત અને વાટાઘાટોની દાદ ના મળતાં ANC ના નેતાઓ ભુગર્ભમાં રહીને પ્રજાને દોરવાણી આપવાનું કામ હાથ ધરે છે, અને ઑલિવરને પરદેશ મોકલી જગતને ગોરી સરકારની કલંક-કથાથી વાકેફ કરે છે, આ અરસામાં વિની દ્વારા બીજી પુત્રી **Zindziswa** નો જન્મ થાય છે. હવે બધા પક્ષો આલગ પણે કામ ના કરતા એકત્રતિ થઈ **National Action Council** નીમે છે. તેમાં નેલ્સન સેક્રેટરી બને છે. ભુગર્ભમાં રહીને મીલીટરી એકશનની તૈયારી ચાલે છે. દેશપરદેશથી આ માટે ફંડ ને તાલિમ મળે તે દષ્ટિથી નેલ્સન ખુદ પરદેશના પ્રવાસે છુપી રીતે નીકળી પડે છે. ચોપાસથી સારો સહકાર મળતા તે તૈયાર થઈ પાછો ફરે છે, અને રિવોનિયા ફાર્મમાં પુરજોશથી હિંસક હુમલા માટેનું કામ ચાલે છે. તે

અરસામાં એકવાર કામ પરથી પાછો ફરતાં પોલીસના હાથે રંગેચંગે પકડાય છે અને પાંચ વર્ષની કેદ થાય છે. હવે સરકાર સજાગ બનતા ચોમેર તપાસ આદરી હિંસક પ્રવૃત્તિ ડામવા હામ બીડે છે: તે અરસામાં રિવોનિયા ફાર્મની ઝડતી લેવાતા ખાનગી કાગળો, પત્રિકાઓ સરકારના હાથમાં આવે છે. સરકાર ચોંકી જાય છે. પછી તો આ કેદીઓ પર ફરીને મુકદ્દમો ચાલે છે. આ રાષ્ટ્રવિરોધી કાર્ય માટે તેમને જન્મ ટીપની સજા થાય છે. સાતમા તબકકામાં રોબીન ટાપુના એકાંત કારાવાસમાં આ કેદીઓને અલગ કોટડીમાં રાખે છે અને તેમના પર અસીમ જુલમ ગુજારે છે, ૧૮ વર્ષની આ કાળી કેદ, તેની નરક યાતના અને નેતાઓના જુસ્સાને તોડી નાખતી એકલતા, આપણને અંદામાન ટાપુના કારવાસની યાદ અપાવે છે. બહાર ભુગર્ભમાં રહેલ નેતાઓ ક્રાંતિનું કાર્ય આગળ ધપાવે છે. પ્રજાને હિંસક માર્ગે ઉશ્કેરી બ્રિટીશ શાસકો સામે બળવો કરાવે છે, પોલીસ દમન, અમાનુષિ વર્તન, કડક સજાઓની પ્રજાને હવે કોઠે પડી છે; નિર્ભય થઈને તે મીલીટરી એકશનના કાર્યમાં ઝપલાવે છે. વિની પણ સ્ત્રીઓમાં આગ ચાંપી સરકાર સામે વિદ્રોહ પેદે કરાવે છે, જેલ ભોગવે છે, પોતાનું કુટુંબ રઝળી પડે છે, પણ દેશની સ્વાધિનતામાં માટે તેને તુચ્છ ગણી ક્રાંતિકાર્ય આગળ ચલાવે છે. આઠમા તબકકામાં પ્રજાના રોષમાં ભરતી આવતા સરકાર નરમ પડે છે. રોબીન ટાપુની સજા હળવી કરે છે. ખોરાક ને રહેઠાણની સગવડો વધારતાં જાય છે. એકાંતવાસના સ્થાને કેદીઓએનું મિલન, શ્રમના સ્થાને અભ્યાસ વર્તુલોની શરૂઆત, રમતગમતનું જેલજીવન દરમ્યાન અપાઈ રહેલ પ્રાધાન્ય, મહેમાનોની મુલાકાતો માટે અપાયેલ વિશેષ છુટછાટો..... આ બધા ઉજળાં અને વિધાયક ચિહ્નો છે. સન ૧૯૮૨ માં નેલ્સનનો ૧૮ વર્ષનો આ ટાપુ પરનો કારાવાસ સમાપ્ત થાય છે. દેશભરની છસો સંસ્થાઓ ભેગી થઈ United Demaratic Front રચે છે. અને સ્વરાજની ચળવળ સક્રિય બનાવે છે. વિશ્વના રાષ્ટ્રોએ, અહીંના ગોરા શાસનની રંગભેદનીતિ, ગુલામી પ્રથા અને શોષણ ખોરી સામે બુલંદ અવાજ ઉઠાવ્યો અને સૌએ દક્ષિણ આફ્રિકાની સરકારનો બહિષ્કાર કર્યો. પ્રજાની હિંસક પ્રવૃત્તિઓથી થતું ગોરી પ્રજાની માલ મિલકતનું નુકશાન, ચોપાસે અસહકારની ભાવના, જગત ભરના દેશોનું નૈતિક દબાણ-આ બધાને કારણે ગોરી સરકાર અહીં નરમ પડી, કડક વલણ પડતું મુકયું અને વાટાઘાટો માટે તૈયાર થઈ. આ શાંતિ- મંત્રણા કરવા સલાહ આપી પરિણામે નેલ્સનને મધ્યમાં રાખી સરકારે સુલેહની લીલી ઝંડી બતાવી છેલ્લા દાયકાનો આ સંક્રાતિ કાળ ખુબ વિકટ અને મુંઝવણ ભર્યો હતો. બન્ને પક્ષે સમાધાન માટે હિંસા રોકવાની હતી, જે સરળ ન્હતું.

પાછળના ત્રણે તબકકાઓ 'સ્વતંત્રતા' અને ભાવીની રૂપરેખા માટે ફાળવ્યાં છે, આજુબાજુના આફ્રિકન દેશો એક પછી એક સ્વતંત્ર થવા લાગ્યા. આ સહકારના પગલા રૂપે સરકારે સૌ રાજદ્વારી કેદીઓને જેલમાંથી મુકત કર્યા. ANC તથા તેના જેવી બીજી સંસ્થાઓ પરથી પ્રતિબંધ ઉઠાવી લેવાયો, કટોકટી ક્રમશ: પાછી ખેંચી અને વાટાઘાટો માટે વાતાવરણ તૈયાર કર્યું. શરૂના પાંચ વર્ષો કાળી પ્રજાના નેતાઓએ ગોરી સરકારના પ્રતિનિધિઓ સાથે મળી રાજયનું સુકાન સંભાળ્યું. બાદમાં સન ૧૯૯૪ના ચુંટણી જાહેર કરી , ૬૨ ટકા મતો સાથે હબસી પ્રજાના નેતાઓ ચુંટાઈ આવ્યા. લોકશાહી દક્ષિણ આફ્રિકા અસ્તિત્વમાં આવ્યું અને તેની લોકસભાના પ્રથમ પ્રમુખ નેલ્સન મંડેલા બન્યા. ડી. કલર્કની ઉદાર નીતિએ ઓ આખું પ્રકરણ હેમખેમ પાર પાડયું.

નેલ્સન મંડેલાનો વ્યકિતગત ફાળો, તેનું અદરનું પોત અને તેની આત્મિક શક્તિ આ કોટકટી કાળમાં

પૂર્ણ સ્વરૂપે બહાર આવી. તેના તરફના અમાનુષી વર્તન, પ્રજા સામેની કિન્નાખોરી અને દમનનીતિ, રંગભેદ નિતિ દ્વારા કાળી પ્રજાને અપમાનિત કરવાની ચેષ્ટાઓ - આ બધા કલંકોને વિસરી એક વીરને શોભે એવી નેલ્સન મંડેલાની નેતાગીરી જગતના ઈતિહાસમાં અજોડ છે. કોઈ પણ ગોરા આધિકારી સામે વૈયહિતક વેરભાવના કે દ્વેષ ના દાખવતાં સંવાદ, શાંતિ અને સહકારનો માર્ગ આપનાવી નેલ્સને પ્રેમનું સામ્રાજય ઉભું કયું. અહી કવિ સુંદ્રમની કાવ્ય પંકિતઓ સાર્થક થયેલી જોવા મળે છે.

*''હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,*
*લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.*
*પ્રભુ સાક્ષીધારી હૃદય ભવને, શાંતિ મનડે*
*પ્રતિદ્વેષી કેરું હિત ચાહી 'લડો, પાપ, મરશે.''*

દેશ કાજે જાતને સમર્પિત કરી હોય છે. નેલ્સન મંડેલાએ કૈટુમ્બિક ક્ષેત્રે પણ પત્ની વિનીને છુટાછેડા આપતી વેળા બતાવેલો અનન્ય પ્રેમ, તેની સેવાની કરેલી કદર, તેના વિકાસ માટે તેને મુક્ત કરી તેનો માર્ગ સરળ બનાવવા પાછળ આપણે એક મૂઢી ઊંચેરા માનવના દર્શન થાય છે. આ પ્રેમ-મૈત્રીની સુવાસ સાથે આ હપ્તાને આપણે સમેટી લઈશું અને દક્ષિણ આફ્રિકાની આપણી પ્રવાસ ગાથા હવે પછી આગળ વધારશું. ***(ક્રમશ :)***

### ૩૬મી વાર્ષિક સાધારણ સભા અંગે જાહેરાત

બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક લિ. બાલાસિનોરના સર્વ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેન્કની ૩૬મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦.૬.૨૦૦૪ને બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે લાયોનેસ મુક્તાબેન પ્રભુદાસ પટેલ, લાયન્સ કોમ્યુનિટી સેન્ટર (દરિયા મહેલ પાસે)માં રાખવામાં આવેલ છે. જેમાં સમયસર હાજર રહેવા વિનંતી.

❒ ***મણીકાન્ત છોટાલાલ કડસીયા***

બાલાસિનોરમાં શ્રી ગોકુલેશ વૈષ્ણવ મંડળ દ્વારા ટીફીન સેવા બંધ કરવામાં આવી છે. પ્રસાદ લેવો હોય તો ૧૨ થી ૧.૩૦ની વચ્ચે પહેલેથી જણાવી પ્રસાદ લેવા જઈ શકાશે.

❒ ***પ્રવીણચંદ્ર મણીલાલ શાહ***

## સમાચાર વિભાગ

### આરોગ્યધામ બાલાસિનોર

બાલાસિનોર ઈતિહાસ એની તવારીખ એના રાજાઓ, નવાબો વિશેની સારી એવી માહિતી લેખક શ્રી કે.પી. સુથાર દ્વારા 'આરોગ્ય ધામ બાલાસિનોર' પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. બાલાસિનોરના વડીલો અને નવયુવાનોને માટે એક વસાવવા લાયક માહિતી સ્ત્રોત જેવું આ પુસ્તક બન્યું છે. શ્રી કે.પી.સુથારને અભિનંદન કિંમત રૂા. ૪૦/- પ્રકાશક : પાર્શ્વ પબ્લીકેશન અમદાવાદ.

✤ ભગવાનની સ્તુતિ રોજ ત્રણ વાર કરવી. સવારે, બપોરે અને રાત્રે સૂતાં પહેલાં; તે ઉપરાંત સુખમાં, દુ:ખમાં અને અંતકાલે સ્તુતિ કરવી.

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની એક સભા, શુક્રવાર તા. ૧૪.૫.૨૦૦૪ના દિને શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસમાં શ્રી નટવરલાલ મગનલાલ કડકીઆના પ્રમુખસ્થાને મળી હતી.

આ સભામાં વર્ષ ૨૦૦૪-૦૫ની કાર્યવાહક સમિતિ માટે ફારેગ થતા નીચે મુજબ પાંચ સભ્યો માટે ઉમેદવારી પત્રો મંગાવવા નક્કી કરવામાં આવ્યું હતું.

૧) શ્રી હીરાલાલ મણીલાલ પરીખ
૨) શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ
૩) શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ
૪) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
૫) શ્રી નિતિન નટવરલાલ દેસાઈ

ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે શ્રી સતીશચંદ્ર ભીખાલાલ પરીખને નિયુક્ત કરવામાં આવ્યાં, પ્રતિવર્ષ મુજબ નોટબુકો બનાવી રાહત દરે વિદ્યાર્થીઓને આપવા નક્કી થયું.

લાયન્સ કલબ-ધોબી તળાવ તરફથી શાળાઓને ૧૦ (દસ) સીલીંગ ફેન મળ્યા છે. જેનો મંત્રીશ્રીએ આભાર સહ ઉલ્લેખ કર્યો.

બાલમંદિર નાસ્તાફંડ માટે અગાઉ મેળલ વચનોમુજબ પ્રાપ્ત રકમ તથા નવા દાન અંગે નીચે મુજબની જાહેરાત આજની સભામાં કરવામાં આવી.

૧)૧,૦૦,૦૦૦/-
શ્રી કુસુમબેન કીર્તનલાલ મોહનલાલ શાહ (મલમ)
૨)૧૧,૦૦૦/-
શ્રી મીનાક્ષી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ
૩)૧૧,૦૦૦/-
શ્રી સ્મિતા અરવિંદ ચીમનલાલ પરીખ
૪)૧૧,૦૦૦/-
શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ
૫)૧૧,૦૦૦/-
શ્રી તરુબેન પ્રફુલ્લ ઓચ્છવલાલ શેઠ
૬)૧૧,૦૦૦/-
શ્રી પુષ્પાબેન નટવરલાલ દેસાઈ

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ ૧૨માં ધોરણના સાયન્સ પ્રવાહનું પરિણામ ૫૯ ટકા આવ્યું છે.

પી.વી. વિદ્યાલય ૧૨મું ધોરણના સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૮.૫૭ ટકા આવ્યું છે.

આ સિવાય પ્રમુખશ્રીએ વાર્ષિક હિસાબની જાણકારી સભ્યોને આપી અને પોતાના નિવાસ દરમ્યાન બાલાસિનોર ખાતે થયેલ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા દાતાઓના સન્માન સમારંભ વગેરેની વિસ્તૃત માહિતી સભ્યોને આપવામાં આવી.

**નોંધ :-** ઉમેદવારી નોંધાવવા માગતા મંડળના સભ્યોને ઉમેદવારી પત્રો તા. ૨૩.૬.૨૦૦૪ના રોજ સુજાતી ઈલે. એન્ટરપ્રાઈઝમાંથી (૪૨, બાબુગેનુ રોડ) તથા મણીકાન્ત કડકીઆ - બાલાસિનોર પાસેથી મળશે.

સ્વીકારવાની તા.૨૩.૬.૨૦૦૪ થી તા.૧૪.૭.૨૦૦૪ પાછા ખેંચવાની તા. ૧૭.૭.૨૦૦૪

***લિ. પ્રવીણ દેસાઈ, જતીન દેસાઈ***
***મંત્રીઓ***

- ✤ જીવન વિલાસમય થયું એટલે ભક્તિનો વિનાશ થયો.
- ✤ સંત થશો તો સંત મળી આવશે.
- ✤ દ્રષ્ટિને એવી ગુણમય બનાવજો કે કોઈના દોષ દેખાય નહિ.
- ✤ કપડાં બદલાવાની જરૂર નથી, કાળજું બદલવાની જરૂર છે.

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા માટે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે શૈક્ષણિક સહાય લેવા ઈચ્છતા વિદ્યાર્થી મિત્રોએ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૧૫ જુલાઈ ૨૦૦૪ પહેલાં ભરીને તે જ સ્થળે પાછા આપવા. અધૂરી વિગત સાથેના અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહિ.

**અરજીપત્રકો મેળવવાનું સ્થળ :-**

**શ્રી અશ્વિન કાંતિલાલ ધારીઆ (બલબલ)**

બી.એ.બ્રધર્સ, ૧૨૨, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ (નાગદેવી), અમદાવાદ મર્કનટાઈલ બેંકની બાજુમાં, મુંબઈ-૩.
સમય : બપોરના ૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી

**પારિતોષિક યોજના :-**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪ના અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૦૪ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી મિત્રોને વિવિધ વિભાગોમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી પારિતોષિક આપવામાં આવશે.

સફળ વિદ્યાર્થી મિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ નકલ મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૩૧.૮.૨૦૦૪ પહેલાં મોકલાવી આપવા વિનંતિ છે.

નોંધ :- આયોજના એસ.એસ.સી. તેમજ કોલેજના ઉચ્ચત્તર અભ્યાસક્રમ માટે જ છે.


ઉપર્યુક્ત બંને યોજના અંગેની વધુ જાણકારી / માર્ગદર્શન માટે મંડળના માનદ્ મંત્રી શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) (વસ્તીપત્રક ક્રમાંક નં.૬૨)નો ટેલિફોન દ્વારા સંપર્ક સાધવો. (ઘર) : ૨૩૬૯૬૫૯૮ (ઓફિસ) : ૨૩૪૫૨૩૦૫

❒ ***અસીત રમેશચંદ્ર દેસાઈ,***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે સુભદ્રાબેન નવીનચંદ્ર કચેરીઆના પરિવાર તરફથી સુભદ્રાબેનના માતાપિતાની પુણ્યસ્મૃતિમાં **''મણિબેન તથા મણિલાલ છોટાલાલ કડકીઆ''** (લટકારી) ન્યાફંડ પેટે **રૂા.૧,૧૧,૧૧૧/- (અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર પુરા)**ની રકમ પ્રાપ્ત થયેલ છે.

ટ્રસ્ટીમંડળના કાર્યકર્તાઓ તેમજ અન્ય ટ્રસ્ટીઓ ઉપર્યુક્ત દાતાનો હાર્દિક આભાર માને છે.



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં WINDOWS, MSDOS, MS OFFICE, INTERNET અને EMAIL શીખવાડવામાં આવશે.

આ પ્રવૃત્તિ માટે નીચે મુજબ જણાવેલ સંસ્થાઓ સાથે મળીને આનો લાભ દરેક મુંબઈ તથા પરામાં રહેતા લોકોને આપવાનું વિચાર્યું છે.

1) Software academi -Parekh Wadi, Mumbai - 400 004. Ph : 23814915

2) Kesar Computer Classes - Malad (W), Ph : 28811231

3) Plus Point Infotech (P) Ltd. ના સોન્ટરો

| | | | |
|---|---|---|---|
| Kandivali (w) | ✆ : 2863 5659 | Malad (E) | ✆ : 2880 0588 |
| Dahisar (E) | ✆ : 2894 0919 | Virar (W) | ✆ : 95250-2510193 |

Sterlite Foundation ના સેન્ટરો

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Andheri (W) | (2) | Bhayander (W) | (3) | Dombivali (E) |
| (4) | Dahisar | (5) | Goregaon (W) | (6) | Lower Parel |
| (7) | Mira Road (E) | (8) | Marine Line | (9) | Matunga (E) CR |
| (10) | Sion | (11) | Vile Parle (E) | (12) | Worli |
| (13) | Worli (Sea Face) | | | | |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે, ફોર્મની સાથે રૂા. ૭૫૦/- રોકડા થળા ચેક અને એક ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૫૦૦/- ચેકથી પાછા આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન, તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) તથા પ્રમુખ શ્રી અસીત દેસાઈ (ઈમ્પેક્ષ એજન્સી-નાગદેવી) ની ઓફિસે મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે સંયોજક સમીર જયેન્દ્ર ગાંધીનો સંપર્ક સાધવો.

**Samir Jayendra Gandhi**
**Tel (O) 22060294 / 22038077 (R) 23879098**
Nikoshi Trading Co., Room No. - 12/5, 1st Floor, Carmellos Building,
63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002

*- મંત્રી : પ્રદીપ કડકીયા, સંયોજક : સમીર જ. ગાંધી*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) મનોજ નવનીતલાલ કડકીઆ (ફાડીયા)
શ્રીજી ટેક્ષ્ટાઈલ્સ, ૪૦/૫ સી.પી.ટેન્ક,
રામબાગની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

૨) રાજેન કીરતનલાલ કડકીઆ (વલ્લભઘેલા)
૪૧૪-સી, શ્રીપાલ નગર,
ઓફ સાંઈબાબા મંદીર રોડ, સત્યાનગર,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૬૧૫૦૨૮

૩) દીપક એમ. ગાંધી
ફ્લેટ નં. ૭૦૧/૭૦૨, સી. વીંગ,
શ્રીજી કોમ્પલેક્ષ, એલ.એમ.રોડ, બોરીવલી (વે),
મુંબઈ - ૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૧ ૪૭૯૨

૪) અનીશ પ્રવીણ પરીખ (રોકડીઆ)
સુખમની બિલ્ડીંગ, બી વીંગ, ૭મે માળે,
પ્લોટ નં.-૮૦, બમનજી પેટીટ રોડ, મુંબઈ-૩૬
ફોન : ૩૦૯૭૬૧૧૨, મો. : ૩૨૬૦૫૮૫૯

૫) મનોજ કીર્તનલાલ શાહ (સેવક)
ડી-૩૦૧, શ્રી રાજેશ નગર કો.ઓ.હા.સો.લિ.
જે.બી.ખોત સ્કુલ પાસે, સાંઈબાબા નગર,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન :૫૬૦૮૧૭૪૩ મો. : ૯૮૨૦૨૨૦૧૧૪

૬) નીતીન કીર્તનલાલ શાહ - રીટા નીતીન શાહ (સેવક)
બી/૭ અપુર્વ એપાર્ટમેન્ટ, રણછોડદાસ રોડ,
સગુણ હોલની બાજુમાં, રેલ્વે ક્રોસીંગની સામે,
દહીસર (વે.), મુંબઈ-૬, ફોન : ૨૮૯૧૧૪૦૫

૭) હીતેશ જેઠાલાલ દોશી - રૂચીત હીતેશ દોશી
રૂચીત એન્ટરપ્રાઈસ
૫૨/૫૪ સરોજ ભવન, રૂમ નં.-૪, બીજે માળે,
કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
ફોન : ૩૦૯૧૦૯૫૮ ફેક્સ : ૨૨૦૯૪૨૭૧

## શુભ લગ્ન

**સમીર** રાજેન્દ્ર ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા)
**મેધા** અતુલ કાંતીલાલ મહેતા (પડાલવાળા)

## નવા ફોન નંબર

| | |
|---|---|
| નીકુંજ કડકીઆ (મલમ) | મો.: ૯૮૨૦૨૩૯૮૩૨ |
| નીના નીકુંજ કજકીઆ | મો. ૯૮૨૦૭૫૧૦૦૧ |
| | ઘર : ૨૩૬૯૪૧૨૨/૨૩૬૭૩૪૨૦ |
| | ઓ. ૨૩૪૧૧૯૨૫/૨૩૪૫૭૦૦૧ |
| તારાબેન ગમનલાલ પરીખ | ઘર : ૩૦૯૦૭૫૪૬ |
| રાજુ ગમનલાલ પરીખ | ૩૦૯૦૭૫૪૬ |
| | ઓફિસ : ૩૯૮૦૦૩૭૭ |
| મધુસુદન ભીખાલાલ કડકીઆ | ઘર : ૨૩૫૨૩૪૨૪ |
| પરેશ મણીલાલ ગાંધી | ફોન : ૨૨૦૭૧૮૦૭ |
| | મોબાઈલ : ૩૮૭૨૪૫૩૩ |
| ગુણવંતલાલ દલસુખભાઈ પરીખ | |
| અતુલ ગુણવંતલાલ પરીખ | ઘર : ૨૮૬૬૨૦૩૪ |

## મૃત્યુ નોંધ

| | ઉ.વર્ષ |
|---|---|
| ઈન્દીરાબેન રજનીકાંત ધારીઆ (માટલી) | ૬૩ |
| કીરીટકુમાર કાન્તીલાલ મહેતા (ધરીવાલા) | ૬૨ |
| મોહનલાલ મગનલાલ પરીખ | ૯૨ |
| ઈચ્છાબેન કીરતનલાલ દેસાઈ | ૯૧ |

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મણીબેન રમણલાલ મોદી

# પુસ્તક યોજના

૧ ) પુસ્તકો પાછા આપવા બાબત - શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪ માટે શાળા-મહાશાળા તથા સ્નાતક જે વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણના અભ્યાસક્રમ માટે સંસ્થા સંચાલિત ઉપર્યુક્ત યોજના હેઠળ પુસ્તકો લીધા હોય તેઓને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે તેઓ પુસ્તકો મોડામાં મોડા તા. ૩૦.૬.૨૦૦૪ના સુધીમાં સંસ્થાની ઓફિસમાં આપી જાય. નાપાસ થનાર વિદ્યાર્થીઓએ પણ પુસ્તકો પાછા આપવાના રહેશે. મહાશાળાઓમાં જેઓની પરીક્ષા તા. ૩૦.૬.૨૦૪ સુધીમાં પૂર્ણ થઈ ન હોય તેઓની પરીક્ષા પૂર્ણ થાય બાદ પુસ્તકો સંસ્થાની ઓફિસમાં તુરત જ પાછા આપી જાય. વિશેષ કારણ સિવાય પુસ્તકો પાછા નહી આપનાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ પાસેથી પુસ્તકોની પુરી કિંમત વસુલ કરવામાં આવશે.

૨ ) પુસ્તકો લેવા બાબત સંસ્થાના નીતિનિયમો મુજબ ચાલુ વર્ષે પણ ધોરણ ૧ થી ૧૨ તથા સ્નાતક કક્ષા (ગ્રેજ્યુએશન) સુધીના અભ્યાસક્રમ માટેના તથા વિવિધ અભ્યાસક્રમ માટેના તથા વિવિધ અભ્યાસક્રમો જેવાં કે **C.A. Costing, Engineering Diploma** (સરકારમાન્ય) **L.LB.** વગેરે માટે સર્વમાન્ય **(Standard)** આપવામાં આવશે.

વિવિધ ખાનગી પરીક્ષાઓ માટે સંસ્થા તરફથી પુસ્તકો આપવામાં આવતાં નથી તેમજ કોઈ પણ ધોરણ માટે ગાઈડો આપવામાં આવતી નથી. સંસ્થાની ઉપર્યુક્ત યોજના હેઠળ જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો પુસ્તકો લેવા માંગતા હોય તેઓએ સંસ્થાના કાર્યાલય પરથી અરજીપત્રકો મેળવી વિગતવાર ભરી પુસ્તકોની યાદીની ૧ નકલ તથા રીઝલ્ટની કોપી આપી જવી. જુદા જુદા અભ્યાસક્રમ માટે જુદા ફોર્મ ભરવાના રહેશે. જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ફાર્મ સાથે તેઓને જોઈતા પુસ્તકોની યાદીની બે નકલ નહી આપી હોય તેઓને ચોપડાઓ થોડાક મોડા મળે તેની જવાબદારી સંસ્થાના કાર્યકરોની રહેશે નહીં. પુસ્તકોનું વિતરણ આ સાથે જણાવ્યા મુજબના દિવસોએ સંસ્થાની ઓફિસેથી કરવામાં આવશે પુસ્તકો લેવા ઈચ્છતા ભાઈ-બહેનોને પત્ર દ્વારા જણાવવાનું નક્કકી કરેલ છે. આ મુજબ દરેક ભાઈ-બહેનોને પત્ર મળ્યા બાદ જ સંસ્થાની ઓફિસે પુસ્તકો લેવા આવવું.

**પુસ્તક વિતરણ શાળા વિભાગ જુનના પ્રથમ સપ્તાહ દરમ્યાન**

**પુસ્તક વિતરણ મહાશાળા-સ્નાતક શિક્ષણ વિભાગ જુનના ત્રીજા સપ્તાહ બાદ**

(૧) માસ જુન દરમ્યાન : રવિવાર

(૨) માસ જુલાઈથી ઓગસ્ટ દરમ્યાન : રવિવારે

(૩) સપ્ટેમ્બરથી અપ્રિલ તથા મે માસમાં રવિવાર

મુંબઈ બહાર ભણતા મહાશાળા તથા ઉચ્ચ શિક્ષણના વિધાર્થી ભાઈ-બહેનોને સંસ્થાની ઓફિસે મંત્રીનો સંર્પક સાધવા વિનંતી છે.

**<u>પુસ્તકો ભેટ આપવા બાબત</u>**

વાલીઓ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોને નમ્ર વિનંતી છે. કે અભ્યાસક્રમમાં ચાલુ હોય એવા ઉપયોગી પુસ્તકો સંસ્થાને ભેટ આપવા ઈચ્છતા હોય તો તેઓને સંસ્થાની ઓફિસમાં મોકલવાની વિનંતી છે. આપની પાસે પુસ્તકો સારી હાલતમાં હોય અને અભ્યાસક્રમમાં ચાલુ હોય તેવા પુસ્તકો સંસ્થાને ભેટ આપશો તો ઘણા ઉપયોગી થઈ પડશે. આપને આવાં પુસ્તકો ભેટ આપવા નમ્ર વિનંતી છે.